### શામળાજીના વેણપુર સીએનજી પંપ પર ઇકો કાર ચાલકને

# લાઈનમાં આવવાનું કહેતા આઠ શખ્સોએ માલિક પર ફીલ્મી ઢબે હુમલો કર્યો

શામળાજી, તા. ૨૫

અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ પર શામળાજી નજીક આવેલ વેણપુર ગામની સીમમાં પેટ્રોલપંપ પર સીએનજી ભરાવવા વાહનો લાઈનમાં ઉભા હતા ત્યારે વેણપુર ગામના ઈકો ચાલકે લાઈન તોડી વચ્ચે ઈકો ઘુસાડતા આ અંગે વાહનચાલકોએ પંપના સંચાલકને વાત કરતા સંચાલકે ઈકો કારચાલકને કાર લાઈનમાં લેવા જણાવતા કાર ચાલક ઉશ્કેરાઈ ગયો હતો અને સંચાલક સાથે બોલાચાલી કરી ગડદાપાટુનો માર મારતા તેને બચાવવા સંચાલકનો ભાઈ અને સબંધી વચ્ચે પડતા ઢીબી નાખ્યા હતા. કારચાલકના સમર્થનમાં પલ્સર બાઈક પર અન્ય લોકો પહોંચી માર મારી પંપ આગળ પડેલ કારમાં તોડફોડ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી ફીલ્મી ઢબે હુમલો કરી કાર ફિલ્મીઢબે હંકારી રફુચક્કર થતા પંપના માલિકે શામળાજી પોલીસ સ્ટેશનમાં કારચાલક સહીત ૮ શખ્સો સામે ફરિયાદ નોંધાવી હતી. સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થતા સોશ્યલ મીડિયામાં વાયરલ થતા આવા અસામાજીક તત્વો સામે શખ્ત કાર્યવાહી કરવામાં આવેની માંગ પ્રબળ બની છે.

શામળાજી-વેણપુર માર્ગના વેણપુર નજીક વૃન્દાવન પેટ્રોલપંપ




આવેલો છે. આ પેટ્રોલપંપ અને સીએનજી પંપના માલીક વાડીલાલ નારણભાઈ પટેલ જરૂરી કામ અર્થે ગત બુધવારે સવારે ભિલોડા ગયા હતા. પેટ્રોલપંપ ઉપર તેમના પુત્ર વિપુલભાઈ અને કલ્પેશભાઈ હાજર હતા ત્યારે સવા બાર વાગ્યના સુમારે ઈકો ગાડીના ચાલકે પોતાના કબ્જાની ગાડી લાઈન તોડી આગળ લાવી દીધી હતી. અન્ય ગ્રાહકોની ફરીયાદને લઈ કલ્પેશભાઈએ આ ઈકો ગાડીના ચાલકને ગાડી પરત લેવા જણાવતાં આ ચાલક એકાએક ઉશ્કેરાઈ ગયો હતો અને કલ્પેશભાઈ સાથે ગાળાગાળી કરવા લાગતાં ગાડીમાં સવાર અન્ય બે શખ્સો ઉશ્કેરાઈ બહાર આવી ગયા હતા અને પંપ સંચાલકને એકાએક ગળદાપાટુનો માર મારવાનો શરૂ કરી દીધો હતો.

કલ્પેશભાઈને કેટલાક શખ્સો માર મારી રહયા હોવાની જાણ થતાં જ તેમના ભાઈ વિપુલભાઈ અને હિંમાશુભાઈ દોડી આવ્યા હતા અને હુમલાખોરોના મારથી બચાવવા લાગ્યા હતા. પરંતુ આ હુમલાખોરોના અન્ય પાંચ સાગરીતો લાકડીઓ લઈ આવી ચડયા હતા અને કલ્પેશભાઈ પટેલ, વિપુલભાઈ પટેલ અને હિંમાશુભાઈ કલાલનાઓ ઉપર રીતસર લાકડીઓ વડે હુમલો કરી દીધો હતો અને ગળદાપાટુનો ઢોર માર મરાયો હતો. આ હુમલાથી ફફડી ઉઠેલા પંપ સંચાલકોને આ તમામ હુમલાખોરોએ જતાં જતાં જાનથી મારી નાખીશુંની ધમકી આપી હતી. જયારે આ ઈસમોએ પોતાના હાથમાં રહેલી લાકડીઓ વડે પંપ માલીકની આઈ ટવેન્ટી કારના કાચ તોડી નાખી કાર ઉપર ગોબા પાડી આતંક મચાવ્યો હતો.

વૃન્દાવન પેટ્રોલપંપના માલીક અને દેહગામડાના રહીશ વાડીલાલ નારણભાઈ પટેલએ આ હુમલાખોરો વિરૂધ્ધ શામળાજી પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધાવી હતી. પોલીસે આરોપી ઈકો ગાડીનો ચાલક ધર્મેન્દ્રસિંહ કાલીદાસ ઠાકોર, જીતેન્દ્રસિંહ કનુસિંહ જાડેજા, ભવરસિંહ અને સુરેન્દ્રસિંહ કેશરીસિંહ તથા અન્ય અજાણ્યા ૩ ઈસમો સહિત આઠ વિરૂધ્ધ ઈન્ડીયન પીનલ કોડ અને જીપી એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ બનાવને પગલે પંથકના વેપારીઓ, પેટ્રોલપંપ માલીકો, સંચાલકોમાં ભયનો માહોઈ છવાયો છે.




**અરવલ્લી પોલીસે યોજેલ રન ફોર યુનીટીમાં પોલીસે અને શહેરીજનોએ દોડ લગાવી, શસ્ત્રપુજા યોજાઈ**

પોલીસ શહીદ નિમિત્તે અરવલ્લી જિલ્લા પોલીસ દ્વારા વિવિધ કાર્યક્રમો પૈકી રન ફોર યુનિટીનું આયોજન કરવામાં આવ્યું હતું. મોડાસા ખાતે યોજાયેલી રન ફોર યુનિટીમાં જિલ્લા પોલીસના જવાનો તેમજ શહેરીજનો જોડાયા હતા. મેરેથોનને સાંઇ મંદિરથી જિલ્લા પૉલિસ વડા સંજય ખરાતે ફ્લેગ ઑફ કરીને દોડની શરૂઆત કરાવી હતી. સાંઇ મંદિરથી શરૂ થયેલી દોડની જે.બી.શાહ સ્કૂલમાં પૂર્ણ થઇ હતી. એસપી સંજય ખરાતે જણાવ્યું હતું કે હાલની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને લોકોની અને પોલીસ અધિકારીઓ અને જવાનની તંદુરસ્તી જળવાઇ રહે તે હેતુથી રન ફૉર યુનિટી યોજવામાં આવી હતી. પોલીસ શહીદ દિન ઉજવણીના ભાગરૂપે રન ફૉર યુનિટીનું આયોજન જિલ્લા પૉલિસ દ્વારા કરાયું હતું. અરવલ્લી પોલીસ ભવન ખાતે દશેરાના દિવસે પોલીસ દ્વારા શસ્ત્રપૂજનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. એસપી સંજય ખરાત અને પોલીસ અધિકારીઓની હાજરીમાં શસ્ત્રોની સાથે વાહનોની પૂજા કરવામાં આવી હતી. વિજયાદશમી નિમિત્તે ભરૂચ જીલ્લા પોલીસ ભવન ખાતે દશેરાના દિવસે શસ્ત્ર પૂજાનો કાર્યક્રમ યોજાયો હતો. ભગવાન રામચંદ્રજીએ આસૂરી શક્તિ ધરાવતા રાવણને હણીને વિજય પ્રાપ્ત કર્યો હતો. તે દિવસને ભારતમાં વિજયદશમી એટલે કે દશેરા તરીકે ઉજવવામાં આવે છે. અરવલ્લી પોલીસભવન ખાતે પ્રતિવર્ષ શસ્ત્ર પૂજન કરાય છે. એસપી સંજય ખરાતની હાજરીમાં પોલીસ વિભાગના શસ્ત્રોની શાસ્ત્રોકત વિધિથી પૂજા અર્ચના કરવામાં આવી હતી. પોલીસવડા સંજય ખરાતે જણાવ્યું હતું કે શસ્ત્રો થકી સમાજની સુરક્ષા અને સેવા કરવાની શકિત મળી છે અને આજના દશેરાના પાવન અવસરે શસ્ત્રોની પૂજા કરી ધન્યતા અનુભવ કરી રહ્યો છું.

## અંબાજી મંદિર ડાભલા ખાતે આનંદનો ગરબો તથા સામુહિક સ્તુતિનો કાર્યક્રમ યોજાયો

વસાઈ (ડાભલા)ના મોટા અંબાજી મંદિર ખાતે આ વર્ષે કોરોના મહામારીના કારણે ગરબા યોજાયા ન હતા. પરંતુ આનંદનો ગરબો તેમજ સામુહિક સ્તુતિનું પઠન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત માતાજીનો નવચંડી યજ્ઞ સોશ્યલ ડિસ્ટન્સ, માસ્ક સહિત સરકારની ગાઈડલાઈન મુજબ આયોજીત કરવામાં આવ્યો હતો. યજ્ઞના યજમાન પદે મોટા અંબાજી મંદિરના સંચાલક પ્રબોધ રાય ગૌરીશંકર જાની હાજર રહ્યા હતા. જયારે યજ્ઞના આચાર્ય પદે બાલકૃષ્ણ જાની, રાધેશ્યામ જાની દ્વારા શાસ્ત્રોક્ત વિધિથી તેમજ વૈદિક મંત્રોચ્ચારથી યજ્ઞ કરવામાં આવ્યો હતો.

## પ્રાંતિજના રામપુર પાસેથી જમીનમાં દાટેલ મહિલાનો મૃતદેહ મળ્યો

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ તાલુકા ના રામપુર ખાતે આવેલ રામપુર ચોકડી પાસે આવેલ સ્કુલ અને રામદેવ મંદિર પાસે જમીનમાં દાટેલ મહિલાની લાશ મળી આવતાં પોલીસે લાશ ને પીએમ અર્થે ખસેડી ગુનો નોધી અજાણ્યા મહિલાના પરિવાર સહિતની શોધખોળ હાથધરી હતી. પ્રાંતિજના રામપુર ખાતે આવેલ રામપુરા ચોકડી નજીક આવેલ રામદેવ મંદિર તથા સ્કુલની બાજુમાં આવેલ હોટલ નજીક હોટલમાં કામ કરતી મહિલા હોટલની બાજુમાં પાણી ભરવા જતાં ખરાબ દુરગંદ મારતા તેને તેના પતિને કયું અને તપાસ કરતાં જમીનમાં દાટેલ લાશનો હાથ જેવું બહાર દેખાતા હોટલ માલિક ને જાણ કરી તો હોટલ માલિકે ગામના સરપંચ ને જાણ કરી તો સરપંચ દ્વારા પ્રાંતિજ પોલીસને જાણ કરતાં પ્રાંતિજ પીઆઇ વાઘેલા તેમની ટીમ સાથે ઘટના સ્થળે દોડી આવી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# પ્રાંતિજ ખાતે શસ્ત્ર પુજન કાર્યક્રમ યોજાયો

**વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ પ્રાંતિજ પ્રખંડ દ્વારા કાર્યક્રમ યોજાયો : માતાજીની આરતી પણ ઉતારવામાં આવી હતી**

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ પ્રાંતિજ પ્રખંડ, હિંમતનગર જિલ્લો, સાબરકાંઠા વિભાગ દ્વારા શસ્ત્ર પુજન અને માતાજીની આરતીનો કાર્યક્રમ યોજાયો હતો.

વિજયા દશમી એટલે અર્ધમ પર ધર્મનો વિજય, અસત્ય પર સત્યનો વિજય, પર પુણ્યનો વિજય, અત્યાચાર પર સદાચારનો વિજય, ક્રોધ પર દયા ક્ષમાનો વિજય, અજ્ઞાન પર જ્ઞાનનો વિજય, રાવણ પર શ્રીરામના વિજયના પ્રતિક સેવા પાવન પર્વ વિજયાદશમીને લઈને પ્રાંતિજ ભાખરીયા બસસ્ટેન્ડ ખાતે આવેલ શ્રી રાંદલ મહકાલો મંદિર ખાતે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ પ્રાંતિજ પ્રખંડ હિંમતનગર જિલ્લો, સાબરકાંઠા વિભાગ દ્વારા શસ્ત્ર પુજન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આરતી બાદ વિવિધ શસ્ત્રોની પુજા અર્ચના કરવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત સર્વેનું સ્વાગત બાદ




માતાજીની આરતી બાદ ઉપસ્થિત સંતો મહંતો અને પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર સહિત ઉપસ્થિત સૌ કોઈ દ્વારા શાસ્ત્રોક વિધિપૂર્વક શસ્ત્રોનુ પુજન કરવામા આવ્યું હતું. આ પ્રસંગે સુનીલદાસજી મહારાજ, દશરથદાસજી મહારાજ, નવનીતભાઇ પટેલ, વિશ્વ હિન્દુ પરિષદ ઉ.ગુજરાત મહામંત્રી, વિશ્વ હિન્દુ પરિષદ જિલ્લાના પ્રમુખ મનહરભાઈ સુથાર, તાલુકા સદસ્ય પ્રદિપસિંહ રાઠોડ, નરેન્દ્રસિંહ સોલંકી, નટુભાઈ બારોટ, જી.એસ. પટેલ, જશવંતસિંહ, મહેન્દ્રસિંહ રાઠોડ, મનુસિહ રાઠોડ, વિજયસિંહ મકવાણા, અંકિતભાઈ પટેલ, વિજયસિંહ મકવાણા, અંકિતભાઇ પટેલ યુવરાજ સિંહ, ભાવિનભાઈ પુરોહિત સહિતના હિન્દુ પરિષદ અને બજરંગ દળના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા અને માતાજીની આરતી ઉતારીને વિધીવત રીતે શાસ્ત્રોની પુજા કરી હતી.

# ધાનેરા નગરપાલિકા અને વાંકલ કૃપા કંસ્ટ્રકશન કોન્ટ્રાક્ટરની મિલીભગતથી સરકારના કરોડો રૂપિયા પાણીમાં જઈ રહ્યા છે

**ધાનેરા નગરપાલિકાના સત્તાધીશો જો આ કોન્ટ્રાક્ટરને ન છાવરતા હોય તો અરજદારે માંગેલી માહિતી પૂરી પાડે : ધાનેરા મામા બાપજી મંદિર અને ઉચપાલિયા તળાવના વિકાસ માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો પરંતુ પહેલા જ વરસાદમાં પડ્યું વિકાસનું ગાબડું**

ધાનેરા નગરપાલિકા દ્વારા વાંકલ કૃપા કન્ટ્રકશન નામના કોન્ટ્રાક્ટરને મોટાભાગના ઓર્ડરો આપવામાં આવતા હોય છે પરંતુ આ કોન્ટ્રાક્ટર ખૂબ જ હલકી ગુણવત્તાવાળું કામ કરતો હોવાની વાતે પણ ધાનેરામાં વેગ પકડ્યો છે વાંકલ કૃપા કોન્ટ્રાક્ટર કોન્ટ્રાક્ટર દ્વારા એક વર્ષ અગાઉ ધાનેરા ના ઉપાડ્યા તળાવમાં વિકાસ માટે ૧.૫૩ કરોડના ખર્ચે વિકાસના કામો કરવામાં આવ્યા હતા અને મોટું તળાવ બનાવવામાં આવ્યું હતું.

પરંતુ આ તળાવમાં પહેલા જ વરસાદમાં વિકાસનું ગાબડું પડી જવા પામ્યું હતું અને કોન્ટ્રાક્ટરની કામની ગુણવત્તા લોકોના સમક્ષ આવી હતી તારે ધાનેરાના એક જાગૃત નાગરિક દ્વારા ધાનેરા નગરપાલિકા માં આરટીઆઇ હેઠળ માહિતી માગવામાં આવી હતી જેમાં ધાનેરા નગરપાલિકા તરફથી આ કોન્ટ્રાક્ટરને છેલ્લા દસ વર્ષમાં કેટલાક કામો આપવામાં આવ્યા અને તે કોન્ટ્રાક્ટર દ્વારા કેટલી ગુણવત્તાવાળા કામ કરવામાં આવ્યા આ સમગ્ર બાબતને લઈ માહિતી માગવામાં આવી હતી.

પરંતુ ધાનેરા નગરપાલિકાના કેટલાક સત્તાધીશો આ માહિતી આપવા માટે આંખ આડા કાન કરી રહ્યા છે અને કોન્ટ્રાક્ટર બિન્દાસ રીતે હલકી ગુણવત્તાવાળું કામ કરી મોટા પ્રમાણમાં પાલિકા પાસેથી પૈસા ઉઘરાવી રહ્યા છે જો આવું જ ચાલ્યા કરશે તો અરજદાર દ્વારા ઉચ્ચકક્ષાએ રજૂઆત કરવાની પણ ચિમકી ઉચ્ચારી છે તો બીજી તરફ ધાનેરામાં લોકો ચોરે ને ચોટે એક જ વાત કરી રહ્યા છે કે ધાનેરા નગરપાલિકાના સત્તાધીશો અને આ કોન્ટ્રાક્ટરની મિલીભગતથી સરકારના કરોડો રૂપિયા પાણીમાં જઈ રહ્યા છે જો સાચે જ આ કોન્ટ્રાક્ટરની સાથે નગરપાલિકાના સત્તાધીશો ન મળેલા હોય તો અરજદારે માંગેલી માહિતી પૂરી પાડે.

# દશેરા પર્વ નિમિતે વહેલી સવારે ફાફડા-જલેબી લેવા લોકો ઉમટ્યા

**કોરોના કહેર વચ્ચે લોકોએ લુફ્ત ઉઠાવ્યો, ૪૦ ટકા જ વેપાર થયો**

રવિવારે નવરાત્રિનો નવમો દિવસ હતો અને બપોર પછી દશેરા શરૂ થયો હતો. દશેરા હોવાથી વહેલી સવારથી જ અરવલ્લી જીલ્લામાં



અનેક જગ્યાઓ પર ફાફડા-જલેબીની દુકાનો ખૂલી હતી ત્યારે આજે કોરોનાકાળ વચ્ચે પણ આ માહોલ યથાવત રહ્યો છે. નવરાત્રિની રાત્રે જે રીતે લોકો ફાફડા-જલેબીની રંગત માણતા હતા તે હવે આ વર્ષે શક્ય બન્યું નથી, પરંતુ વહેલી સવારે લોકો ફાફડા-જલેબી લેવા માટે નીકળી પડ્યા હતા.

આ વર્ષે ફાફડાના ભાવમાં ૨૦ ટકાનો વધારો થયો છે. સવારથી જ લોકો સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરીને લાઈનમાં ઉભા રહેતા જોવા મળ્યાં હતા આ વર્ષે ફાફડાનો ભાવ ૩૦૦ થી ૪૦૦ રૂપિયા કિલો અને જલેબી ૩૬૦ થી ૪૫૦ રૂપિયા કિલોના ભાવે પહોંચી ગયો હતો .અરવલ્લી જિલ્લાવાસીઓ વહેલી સવારથી જ ફાફડા જલેબીનો સ્વાદ માણતા અને ખરીદતા નજરે પડ્યા છે. કોરોના મહામારીને કારણે દુકાનો પર સોશિયલ ડિસ્ટનસિંગ અને માસ્ક પહેરવું ફરજિયાત કર્યું હતું પરંતુ ગ્રાહકો સ્વાદના ઉન્માદમાં કોરોના ગાઈડલાઈનના પાલનના લીરેલીરા ઉડ્યા હતા

# પુત્રએ પત્ની સાથે મળી જનેતાની હત્યા કરતા ચકચાર

**માલપુરના ભેમપોડા ગામે તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી માતાની હત્યા કરી લાશ કુવામાં નાખી**

મોડાસા, તા. ૨૫

દુનિયામાં કોઈપણ એવું ઘર નહીં હોય જ્યાં સાસુ-વહુના ઝઘડા ન થતાં હોય. પરંતુ દરેક ઘરમાં એ ઝઘડાનું કારણ અલગ અલગ હોઈ શકે છે. અરવલ્લી જીલ્લામાં સાસુ



વહુના ઝગડામાં પુત્રએ પત્નીનો પક્ષ લઈ જનેતાને મોતને ઘાટ ઉતારતા ભારે ચકચાર મચી છે. સાસુ-વહુના ઝઘડાનું પરિણામ અત્યંત ડરામણું આવ્યુ કે જે ક્યારેય કલ્પ્યુ ન હોય. માલપુર તાલુકાના ભેમપોડા ગામે સાસુ-વહુના ઝગડાથી કંટાળી વહુએ તેના પતિની મદદથી વૃદ્ધ સાસુને તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા કરી હત્યાનું પાપ છુપાવવા ગામ નજીક કુવામાં નાખી દીધી હતી. વૃદ્ધાની લાશ મળી આવતા માલપુર પીઆઈ એફ.એલ. રાઠોડ અને તેમની ટીમ ઘટનાસ્થળે પહોંચી મૃતકની લાશને પીએમ માટે મોકલી આપી પ્રાથમીક તપાસમાં વૃદ્ધાની હત્યા પુત્ર-પુત્રવધુએ કરી હોવાનું બહાર આવતા બંને વિરુદ્ધ હત્યાનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

માલપુર તાલુકાના ભેમપોડા ગામે જમકુબેન શનાભાઈ ખાંટ તેમના પુત્ર સોમાભાઈ અને તેની પત્ની મીનાક્ષીબેન સાથે રહેતા હતા. પુત્રવધુ મીનાક્ષી સાથે વૃદ્ધાને કામકાજ અંગે ઝગડા થતા હોવાથી અને તેમના પુત્રના ઘરે પારણું ન બંધાતા વારંવાર પુત્રવધુ મીનાક્ષીબેનને મહેણાં ટોણા મારતા હોવાથી ગૃહકંકાસ વધી જતા ઝગડાથી કંટાળેલ પુત્ર સોમાભાઈ અને તેની પત્ની મીનાક્ષીએ જમકુબેનને તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દીધા હતા. માતાની અને સાસુની હત્યા છુપાવવા પુત્ર-પુત્રવધુ એ વૃદ્ધાની લાશને ગામ નજીક કુવામાં નાખી દઈ જાણે કઈ જ ન બન્યું હોય તેમ ઘરે આવી ગયા હતા અને રાબેતા મુજબ કામકાજ શરુ કરી દીધું હતું. શનિવારે જમકુબેનની લાશ કુવામાં તરતી હોવાની જોવા મળતા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા. માલપુર પોલીસને જાણ કરતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી મૃતકની લાશને બહાર કાઢી પીએમ માટે મોકલી આપી હતી. પ્રાથમીક તપાસમાં મહિલાની તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા કરવામાં આવી હોવાનું જણાઈ આવ્યું હતું.

### ધાનેરાના કોટડા ગામે જવાનને મકાન સહાય આપવાની

# ...તો વાત તો દૂર રહી, પરંતુ જે મકાન હતું તે પણ તંત્રના કેટલાક અધિકારીઓએ છીનવી લીધું

સરકાર દ્વારા જરૂરિયાત મંદ લોકો ને ઘરનું ઘર મળી રહે તે માટે વિવિધ મકાન સહાય યોજના અંતર્ગત મકાન આપવામાં આવી રહ્યા છે ત્યારે ધાનેરા તાલુકાના કોટડા ગામ ના દેશની સીમા પર ફરજ બજાવતા જવાન ને મકાન સહાય આપવાની તો વાત તો દૂર રહી પરંતુ જે મકાન હતું તે પણ તંત્રના કેટલાક અધિકારીઓએ છીનવી લીધું છે.

ધાનેરા તાલુકાના કોટડા ગામે રહેતા ભરતભાઈ સોલંકી દેશના જવાન તરીકે ગોવા રાજ્ય માં ફરજ બજાવે છે અને તે પોતાના પરિવાર સાથે ધાનેરા તાલુકાના કોટડા ગામે છેલ્લા ઘણા વર્ષોથી રહે છે પરંતુ ૩ માસ અગાઉ ધાનેરાના સ્થાનિક તંત્રના અધિકારીઓ પોલીસ બંદોબસ્ત સાથે કોટડા ગામે પહોંચ્યા હતા અને જવાન ભરતભાઈ સોલંકીના ઘર સહિત કેટલાય ઘરો દબાણમાં છે કેમ કઈ તોડી પાડયા હતા એક જવાનનું ઘર તોડી પાડતાં અને જવાનો પરિવાર બે ઘર બનતા ધાનેરા વિસ્તારના લોકોએ તંત્ર સામે ફિટકાર વરસાવ્યો હતો તો બીજી તરફ ધાનેરાના સ્થાનિક નેતા અને તંત્રના અધિકારીઓ દ્વારા આ જવાનના પરિવારને એક મહિના માં પ્લોટ ફાળવણી કરી મકાન સહાય આપવાની વાત કરી હતી પરંતુ આજે ચાર મહિના જેટલો સમય વિતવા છતાં પણ આ જવાનના પરિવારને મકાન સહાય મળી નથી ચોમાસા અગાઉ આ જવાન ના પરિવારનું ઘર છીનવાઈ જતાં જવાન નો પરિવાર બે ઘર બન્યો હતો અને પુરા ચોમાસાના સમયગાળા દરમિયાન આ પરિવારે ખૂબ જ મુશ્કેલી સાથે એક એક પળ વિતાવી હતી ચોમાસા દરમિયાન પરિવારના ઘરવખરીનો સામાન સહિત અનાજ પણ નષ્ટ થઈ જવા પામ્યું હતું ત્યારે આજે ચાર માસ બાદ આ જવાન પોતાના ઘરે પરત ફર્યો છે અને પોતાના ઘરની દુર્દશા જોઈ જવાન પણ દુઃખી છે અને સાથે સાથે સરકાર પાસે તાત્કાલિક ધોરણે મકાન મળે અને પોતાનો પરિવાર સુખેથી જીવી શકે તે માટે વિનંતી કરે છે.



**ડીસામાં ગરબાની ઉજવણી :**

બનાસકાંઠા જિલ્લામાં આસો માસની સાતમ-આઠમ નિમિત્તે ઠેરઠેર કુળદેવીની પલ્લી ભરાઈ હતી ત્યારે મૂળ ઉત્તરપ્રદેશના અને વર્ષોથી ડીસા શહેરમાં સ્થાયી થયેલ લોધા સમાજ નવરાત્રીમાં પરંપરા મુજબ માનેલા ગરબાની ઉજવણી કરે છે. નવરાત્રીના સાતમા નોરતે રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલા વિશ્વકર્મા નગરમાં રહેતા કાંતિલાલ લોધા આશિયા પરિવાર દ્વારા પોતાના ઘેર સાતમ નિમિતે માતાજીનો ગરબો કરવામાં આવ્યો હતો. જેમાં પરિવાર દ્વારા મા અંબાની પૂજા અર્ચના કરવામાં આવી હતી.સોસાયટીમાં રહેતા લોકોએ મા અંબાની આરતી-ગરબે રમી મા અંબાની આરાધના કરી હતી. છેલ્લે તમામ ભાઈ-બહેનોને પ્રસાદ તેમજ લ્હાણીનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.